<u>આંક ૧ લગત હુકમ</u>

<u>આરોપીઓ</u>

| | |
|---|---|
| 1) ROCKYBHAI RAJUBHAI PARMAR<br>Address - MAHARAJNIYAVAS,NARODA PATIYA,KUBERNAGAR,SARDARNAGAR,A.BAD | અગાઉ ગુનો કબુલ કરેલ છે અને દંડની રકમની ભરપાઈ કરેલ છે. |
| 2) KRUNALBHAI RAJESHBHAI PARMAR<br>MAHARAJNIYAVAS,NARODA PATIYA,KUBERNAGAR,SARDARNAGAR,A.BAD | અગાઉ ગુનો કબુલ કરેલ છે અને દંડની રકમની ભરપાઈ કરેલ છે. |
| 3) MANOHAR HIRALAL PARMAR<br>MAHARAJNIYAVAS,NARODA PATIYA,KUBERNAGAR,SARDARNAGAR,A.BAD | અગાઉ ગુનો કબુલ કરેલ છે અને દંડની રકમની ભરપાઈ કરેલ છે. |
| 4) RAKHIBEN RAJUBHAI PARMAR<br>MAHARAJNIYAVAS,NARODA PATIYA,KUBERNAGAR,SARDARNAGAR,A.BAD | અગાઉ ગુનો કબુલ કરેલ છે અને દંડની રકમની ભરપાઈ કરેલ છે. |
| 5) UMANG UTTAMBHAI KAMLEKAR<br>SUBHASHANAGAR,NOBALNAGAR,SARDARNAGAR,A.BAD | આરોપી સબબ કેસ ચાલુ........ |
| 6) RAHULBHAI JAYPRAKASHBHAI RAJPUT<br>KEKADIVAS,BH.BHANU SCHOOL,KUBERNAGARSARDARNAGAR,A.BAD | આરોપી સબબ કેસ ચાલુ........ |
| 7) IMTIYAZ@RAJU RIYAZ MAHMAD SHAIKH<br>IN RAKHIBEN RAJUBHAI PARMAR HOUSE,MAHARAJNIYAVAS,NARODA PATIYA,KUBERNAGAR,SARDARNAGAR,A.BAD | આરોપી સબબ કેસ ચાલુ........ |

૧ હાલ ના કેસ માં શ્રી સરકાર પોલીસ ધ્વારા આરોપીઓ ઉપર JUGAR DHARA 12 A મુજબ નાં શિક્ષાને પાત્ર ગુના અંગેની ચાર્જશીટ અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે. રેકર્ડ જોતાં કેસ જુનો છે. આરોપી તથા તેનાં જામીનદાર ને વારંવાર પ્રોસેસ વોરંટ સમંસ નોટીસ કાઢવાં છતાં ફરીયાદ પક્ષ કે પોલીસ તેઓ ને અત્રેની અદાલત માં હાજર રખાવવામાં સફળ નીવડેલ નથી. કેસ સમંસ સમરી ટ્રાયેબલ છે. આ કેસ ગૃહ વિભાગનાં પત્ર ક્ર ફપખ–૩૨૭૯–૪૯૨૯–ભાગ–૩–ન તારીખ ૧/૧/૨૦૦૧ થી પણ તે નોટીફીકેશન ની ક્રમ (૩)ની પેટા સુચના(૩)(૫) મુજબનાં કેસો માં "સમરી ટ્રાયલ ને લગતા ના તમામ કેસો તથા ટ્રાફીકભંગના કેસો પૈકી આરોપો ગંભીર પ્રકાર નાં ન હોય તેવા કેસો" હોઈ સરકાર શ્રી એ પરત ખેંચવા સબબ નુ પણ પ્રોવીઝન છે. છતાં આ સરકાર શ્રી ધ્વારા પરત ખેંચાયેલ નથી. વળી આ કામે નજીક નાં ભવિષ્ય માં આરોપી મળી આવે તેવી કોઈ સંભાવના જણાતી નથી. આજરોજ એપીપી શ્રીને આ અંગે રેકર્ડ ની હકીકતો કામ જોવા આપેલ છે. તથા આ કામે તેઓ પણ આ આરોપી ને હાજર રખાવી શકવા સમર્થતા દર્શાવેલ નથી. તથા તેઓ પણ પુરતાં પ્રયત્નો કરવા છતાં પણ મળી આવેલ નથી આથી આ કામે કલમ ૨૫૮ સીઆરપીસી ૧૯૭૩ ની કલમ આકર્ષય છે.

આ કામે વારંવાર પ્રોસેસ કાઢવા છતા તમામ આરોપીઓને પ્રોસીકયુશન સમય મર્યાદામાં હાજર રખાવી શકેલ નથી. પ્રોસેસ કાઢવા છતા ઉપર જણાવેલ મુજબના આરોપીઓ કે જેઓએ દંડની રકમની ભરપાઈ કરેલ છે અને અન્ય આરોપીઓ કે જેઓએ દંડની રકમની ભરપાઈ કરેલ નથી તે સબબ કેસ બાકી રહેલ છે અને જે આરોપીઓએ દંડ ભરેલ નથી તે આરોપીઓ નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી સંભાવના નથી. વળી નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી મારફતે લોક અદાલતોમાં મહત્તમ કેસોનો નિકાલ કરવા તથા તે અંગે વખતો વખત થતી વી.સી માં જણાવેલ માર્ગદર્શનો જોતા સદરહુ કેસ સમન્સ ટ્રાયેબલ હોય સી.આર.પી.સી ૨૫૮ મુજબ જે આરોપીઓએ કેસ કરેલ નથી તેમના માટે કેસ ફેસલ કરવો ન્યાયોચિત જણાઈ આવે છે અને તેથી તે મુજબનો હુકમ કરવામાં આવે છે.

Metropolitan Magistrate

૨. કેસ નુ રેકર્ડ જોતાં કેસ ઘણો જુનો છે. અદાલત ઘ્વારા આરોપી ને હાજર રખાવવામાં અવાર નવાર પ્રોસેસ સમંસ વોરંટ ઈશ્યુ કરવામાં આવેલ છે. સદર પ્રોસેસ બજવણી કરનાર અમલદાર ઘ્વારા બજવેલ કે વગર બજે પરત આવેલ નથી / આરોપી બીજે રહેવા ચાલ્યાં ગયેલ છે. તેવા શેરા સાથે પરત આવેલ છે. આમ અદાલત ઘ્વારા આરોપી ને અવાર નવાર પ્રોસેસ કાઢવા છતાં ફરીયાદ પક્ષ અને પોલીસ આરોપી ને અદાલતમાં હાજર રખાવવામાં નીષ્ફળ નીવડેલ છે. ફરીયાદ પક્ષની નીષ્ફળતા ને કારણે કેસ લંબાયેલો છે સદર ગુના નો પ્રકાર ઘ્યાને લેતાં તે સમંસ ટ્રાયેબલ ગુનો છે. પોલીસ ચાર્જશીટ ઉપર થી દાખલ થયેલો ગુનો છે. અદાલત ઘ્વારા આરોપી ને અદાલત માં હાજર રખાવવવા પ્રોસેક્યુશન તથા પોલીસ ને વાજબી તથા પુરતી કહી શકાય તેટલી તકો આપેલી છે. આમ છતાં ફરીયાદ પક્ષ આરોપી ને હાજર રખાવી શકેલ નથી. સદર કેસ નો પ્રકાર તેમ કેસ ઉપર ની હકીકતો કેસ નુ રેકર્ડ રોજકામ ઘ્યાન સમક્ષ રાખતાં આ સાથે ક્રીમીનલ પ્રોસીજર કોડ માં કરવામાં આવેલી ધારાકીય જોગવાઈ કલમ ૨૫૮ ઘ્યાન સમક્ષ રાખતાં સદર કેસ આ કલમ માં પડતો કેસ જણાઈ આવેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટ AIR 2012 SC3217 Rajan Dwivedi Vs CBI The Director With Ac Sudevananada Avadhutha Versus CBI Through The Director Genereal ના ચુકાદમાં ઠરાવ છે કે ક્રિમીનલ કોર્ટો એ ઉચીત કેસો માં ફોજદારી કાર્યરીતી અધિનીયમ ની કલમ ૨૫૮, ૩૦૯, ૩૧૧ ના પાવર્સ ન્યાયનાં હીત મા વાપરવા જોઈએ. જેમાં નામદાર એપેક્ષ કોર્ટે ઠરાવેલ છે કે The criminal Courts should excersice their available powers, such as those under sec 309, 311, 258 of the Code of criminal Procedure to effectuate the right to speedy trial. A watchful and diligent trial judge can prove to tbe better protector of such right than any guidelines. In appropriate cases, Jurisdiction of the High court under sec 482 CrPC and Article 226 227 of the Constitution can be invoked seeking appropiate relief or suitable directions.

૩. આ ઉપરાંત નામ બોમ્બે હાઈકોર્ટે **Mulchand Motilal Raka Vs Maharastra** 1996(2) Crimes Pg 177 Bom ઘ્યાને લેતાં ઠરાવેલ છે કે Sec 258 of the Code of which empowers to stop the proceedings in certain cases is intended to meet with certain situation, where the presence of accused persons can not be secured or presence of any important witness can not be secured by the prosecution, which is necessary for the trial of the case. Therefore, where the Magistrate does not find it possible to dispose of the matter by adopting normal procedure contemplated by the Code for one reason or otheras herein above stated, in such situation it would be open to the Magistrate to stop further proceedings of the case. Sec 258 of the Code can be resorted to where the special or unusal circumstances exists, such as non-appearance of the accused before the Court for considerable time or of the important witness of the prosecution, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way. Therefore, in such situation, where the Magistrate finds it difficult to decide the case on merit, without any hindrance, in the normal manner. as procedure under the Code, the provisions of Sec 258 of the Code be resorted to."

૪. સી આરપીસી ની કલમ ૨૫૮ માં કરવામાં આવેલ જોગવાઈ ઘ્યાન સમક્ષ રાખતાં તેમજ કેસ નુ રેકર્ડઘ્યાને લેતાં ઉપર જણાવ્યા મુજબ નાં કેસ લો ઘ્યાન સમક્ષ લેતાં કેસ નુ રેકર્ડ ઘ્યાને લેતાં કેસ જુનો હોઈ આ કામે પોલીસ એજન્સી ને ફરીયાદ પક્ષને આરોપી વિરૂઘ્ધ પોલીસે અદાલત માં ચાર્જશીટ દાખલ કર્યા ની તારીખ થી આજ દીન સુધી અવાર નવાર પ્રોસેસ, સમંસ વોરંટ કાઢવાં છતાં આકામે ફરીયાદ પક્ષ કે પોલીસ આરોપી ને હાજર રખાવી શકેલ નથી. આરોપી વિરૂઘ્ધ આક્ષેપાયેલો ગુનો તે સામે ધારાકીય જોગવાઈ જોતાં તથા વધુ માં વધુ સજાની જોગાવાઈ જોતાં તેમજ કેસ નો પ્રકાર જોતાં કેસ ને વિશેષ લંબાવવા માટે કોઈ વાજબી કારણ જણાઈ આવતું નથી. નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૦૨ AIR (SC) 1856 **P. Ramachandra Rao Vs State of Karnataka** ના જજમેન્ટ માં જણાવેલ સિઘ્ધાંત મુજબ સીઆરપીસી ૨૫૮ નો ઉપયોગ કરવા પર ભાર મુકેલ છે.

*"(5) The Criminal Courts should exercise their available powers, such as*

*those under Sections 309, 311 and 258 of Code of Criminal Procedure to effectuate the right to speedy*
*trial. A watchful and diligent trial judge can prove to be better protector of such right than any guide-lines."*

૪. કેસ પેપર્સ વચાંણે લીધા. આરોપીનું એન.બી.ડબલયુ કાઢેલ છે વળી તેઓ મળી આવતા નથી. અને ફરીયાદ પક્ષ માં કેસ ની ઓપચારીક ક્ષતી રહેલ છે. ફરીયાદ પક્ષ આરોપી ને આટલા વર્ષ માં એક વાર પણ હાજર રખાવી શકેલ નથી. જેને કારણે હાલ ની કાર્યવાહી આગળ ચાલે તો પણ ગેરકાયદેસર ની બની રહે તેમ છે. ફરીયાદી તથા સાહેદો ને પ્રોસેસ વારંવાર કાઢવા છતાં તેઓ હાજર રાખવામાં ફરીયાદ પક્ષ ને સફળતાં મળેલ નથી. વળી તેઓ આ કેસમાં હાજર રહેલ નથી. આરોપી કે તેમાંના જામીનદાર સુધ્ધાં પણ હાજર રહેલ નથી. આ કેસ માં **૨૦૦૯ એસસીસી ૧૪ પાના નં ૩૪૫ નો કેસ રેણુકા વિ સ્ટેટ ઓફ કર્ણાટક** નાં કેસ માં જણાવેલ સિધ્ધાતં વંચણે લેતાં જયારે આરોપી તેનાં જણાવેલ સરનામે મળી ન આવે તથા કેસ સમંસ ટ્રાયેબલ હોય તો મેજીસ્ટ્રેટ શ્રી સીઆરપીસી ૧૯૭૩ મુજબ ની કલમ ૨૫૮ ની સત્તા વાપરી ને તે મુજબ આરોપી સામે થી કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરી શકે. તેથી ઉપરોકત ચર્ચા વંચાણે લેતાં આજરોજ કેસ સમંસ ટ્રાયેબલ પણ જણાતો હોઈ ન્યાય ના હીત માં નીચે મુજબ હુકમ કરવો ન્યાયોચીત છે. આથી ફોજદારી કાર્યરીતી અધિનીયમ ની કલમ ૨૫૮ અન્વયે તહોમતદાર સામેની કાર્યવાહી પડતી મુકી આરોપી ને બીન તહોમત મુકત ગણી તેમની સામેનો કેસ ફેંસલ ગણી ન્યાય ના હીત માં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

**૧.** ફોજદારી કાર્યરીતી અધિનીયમ કલમ ૨૫૮ તળે આરોપી સામેની હાલ ની કાર્યવાહી સ્થગીત કરી આરોપી ને તેમની વિરૂધ્ધ નાં ગુના માંથી બીન તહોમત છોડી મુકવા નો હુકમ કરવામાં આવે છે.
આરોપી ફરી મળી આવે તો સી.આર.પી.સી ૩૦૦(૬) મુજબ કાર્યવાહી થઈ શકશે.

**૨.** મુદ્દ્રમાલ અંગે વચગાળા નો જો હુકમ થયેલ હોય તો તે અપીલ સમય બાદ કાયમી કરવાનો હુકમ કરવામાં આવે છે. તથા તે સિવાય નાં મુદ્દ્રમાલ અંગે આ કામે તક/ પોલીસ સ્ટેશન નાં ઉચ્ચ અધિકારી એ અપીલ સમય બાદ યોગ્ય હકકદાર વ્યકિત શોધી ને તે નીયમોનુસાર નીકાલ કરવો.

**૩.** ઉપરોકત જણાવેલ આરોપીઓ પૈકી જે આરોપીઓએ ગુનાની કબુલાત કરેલ નથી તેટલા આરોપીઓ પુરતો કેસ સમન્સ ટ્રાયેબલ હોય સીઆરપીસી ૨૫૮ મુજબ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકી કેસ ફેસલ કરવામાં આવે છે. મુદદામાલ સબબ જો દારુ / રોકડ રકમ હોય તો તે સરકાર સ્યાત કરવી અને દારુ હોય તો તેનો નાશ કરવો અને આ સિવાયનો અન્ય વેલ્યુએબલ મુદદામાલ જો હોય તો તપાસ કરનારે યોગ્ય ઓળખ પુરાવાના આધારે અરજદાર/આરોપીને પરત કરવો. મુદદામાલ બાબતે શંસય હોય વધુ માર્ગદર્શન અત્રેની કોર્ટમાંથી મેળવી શકાશે.

આજરોજ લોક અદાલત માં વાંચી સંભળાવી ને જાહેર કર્યો.

(W R Malik)
Metropolitan Magistrate GJ01144
Special Setting of Magistrate

Dt. **09/ 09/2023**
Ahmedabad

PA:- RUTVIK SHAH

Metropolitan Magistrate